...તે અમારા જીવનની સૌથી સુખદ ક્ષણો બની ગઈ..!

નેપાળમાં સતત ૪૮ કલાક ભયના ઓથાર હેઠળ પસાર કર્યા બાદ ગાંધીનગર પહોંચેલ તબીબ દંપતિ ડો. રાજન દોશી-ડો. રૂપલ દોશીની દિલધડક કહાની

ગાંધીનગર, તા. ૨૭

સતત ૪૮ કલાક ભયના ઓથાર હેઠળ પસાર કર્યા બાદ રવિવારે મધરાત્રે કાઠમંડુથી દિલ્હી આવવા માટે ફ્લાઈટે ટેક ઓફ કર્યુ તે ક્ષણ નેપાળ પ્રવાસની



અમારા માટે સૌથી સુખદ ક્ષણ હતી. આ શબ્દો છે નેપાળમાં આવેલા ભયાવહ ભુકંપને અનુભવીને ત્યાં થયેલી તારાજીને સગી આંખે જોઈ હેમખેમ, સહીસલામત પરત ગાંધીનગર આવેલા તબીબ દંપતિ ડૉ. રાજન દોશી અને ડૉ. રૂપલ દોશીના...

દોશી દંપતિ સોમવારે વહેલી સવારે વાયા દિલ્હી થઈ પરત અમદાવાદ હેમખેમ આવ્યા ત્યારે તેમના પરિવારજનો અને મિત્રો એકદમ આનંદિત થઈ ગયા હતા.

કોઈપણ સ્થળે પ્રવાસે ગયા હોઈએ કે મુલાકાતે ગયા હોઈએ તો તેની સ્વીટ મેમોરીઝ આખી જીંદગી આપણને યાદ રહે અને અવારનવાર તેને વાગોળવાની મજા આવે પરંતુ તબીબ દંપતિ ડૉ. રાજન દોશી-ડૉ. રૂપલ દોશી માટે નેપાળનો પ્રવાસ ભયાવહ ક્ષણોથી ભરપુર રહ્યો. ડૉ. રૂપલ દોશી કહે છે કે રવિવારે મધરાત્રે કાઠમંડુથી દિલ્હીની સ્પાઈસ જેટની ફ્લાઈટ ઉડી તે જ અમારા માટે આ પ્રવાસની સૌથી સુખદ ક્ષણ હતી અને પાયલોટ જાણે અમારો ભગવાન હોય તેવુ લાગતુ હતુ.

ડૉ. રાજન દોશી, ડૉ. રૂપલ દોશી અને ડૉ. અંકિત પટેલ માત્ર એક દિવસની કોન્ફરન્સમાં ભાગ લેવા ગયા. શુક્રવારે જ કાઠમંડુ પહોંચ્યા હતા. શનિવારે એક દિવસ કોન્ફરન્સમાં ભાગ લઈ તેઓ રવિવારે તો પરત અમદાવાદ આવી જવાના હતા. ડૉ. રાજન દોશી કહે છે કે શનિવારે સવારે ૯ વાગે પશુપતિનાથ મંદિરે દર્શન કર્યા બાદ કાઠમંડુની પાસે જ એક હોટલમાં કોન્ફરન્સ શરૂ થઈ હતી. સવારે અગિયાર વાગે કોન્ફરન્સ શરૂ થઈ અને સાડા અગિયારે ટી બ્રેક પડ્યો ત્યાં અચાનક જોરદાર અવાજ થવા માંડ્યો અને આખો હોલ ધ્રુજવા માંડ્યો. એક ક્ષણ તો એવુ લાગ્યુ કે કોઈ પ્લેન હોટલની એકદમ નજીકથી પસાર થયુ પરંતુ બીજી જ ક્ષણે ખ્યાલ આવી ગયો કે ધરતીકંપ થઈ રહ્યો છે. હોલમાં લગભગ ૮૦ જણા હાજર હતા. સૌ કોઈ હોલની બહાર ભાગ્યા ત્યાં જ આગળ જતા લોબીનો એક હિસ્સો ધરાશાયી થઈ ગયો અને ઝુમ્મર પડવા માંડ્યા. ત્યાંથી માંડ માંડ બચીને સીડીઓ ઉતરી બધા જ ખુલ્લા મેદાનમાં આવી ગયા. લગભગ બે મિનિટ સુધી સતત ધરતી હલતી રહી હતી. મોટા ખુલ્લા મેદાનમાં આવી પહોંચ્યા બાદ સૌના જીવમાં જીવ આવ્યો હતો. હોટલના કુકીંગ સ્ટાફમાંથી કેટલાકને રાંધતા સમયે જ ભૂકંપ આવતા દાઝી જવાથી ઈજા થઈ હતી. તેમ છતાં હોટલના સ્ટાફે બપોરે સૌને બહાર ગાર્ડનમાં રાંધી દાળ-ભાત ખવડાવ્યા હતા. તે માટે હોટલના સ્ટાફને સલામ કહેવુ પડે. લગભગ બપોર સુધી સતત આંચકા આવતા રહ્યા હતા. જેના કારણે

● અનુસંધાન પાન-૭ પર

શહેરી વિસ્તારના માર્ગો માટે ૧૨ કરોડ ખર્ચાશે

મહાનગરપાલિકા વિસ્તારમાં માર્ગોનુ બાકી કામ હાથ ધરવામાં આવશે : સેકટરોના આંતરિક માર્ગોની પણ દુર્દશા સુધરશે

ગાંધીનગર, તા ૨૭

શહેરી વિસ્તારના માર્ગોના રીસરફેસીંગ માટે રૂ ૧૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે.શહેરી વિકાસ વિભાગ દ્વારા માર્ગોના સમારકામ માટે આ ગ્રાન્ટ કોર્પોરેશનને ફાળવવામાં આવી હતી. પરંતુ રસ્તાના કામોની જવાબદારી પાટનગર યોજના વિભાગ હસ્તક હોવાથી આખરે માર્ગોની મરામતનુ કામ વિભાગ કક્ષાએથી હાથ ધરાશે.

ગાંધીનગરના રોડનેટવર્કને ચકાચક બનાવવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. ગત વર્ષ દરમિયાન પણ માર્ગોના નવીનીકરણ પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે વાઈબ્રન્ટ પૂર્વે પણ વિવિધ માર્ગોને લીસા બનાવવા કરાડો રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા હતા. નગરના મુખ્ય માર્ગો ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગોનુ પણ કામ હાથ ધરવામાં આવ્યુ હતું. શહેરમાં અંદાજિત ૫૧૩ કીમીનું રાડનેટવર્ક છે. આ પૈકી હાલની સ્થિતિએ મોટાભાગના રસ્તાઓની હાલત યોગ્ય હોવાનું પણ સુત્રો જણાવી રહયાં છે.બીજીતરફ જૂના સેકટરોમાં આંતરિક રસ્તાઓની કામગીરી હજુ અપૂર્ણ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આ ઉપરાંત શોપીંગ વિસ્તારમાં પણ માર્ગોની હાલત ઉબડ ખાબડ હોવાનો રોષ પ્રવર્તયો છે.જયારે સરકારી વસાહતના વિસ્તારમાં પણ માર્ગોના રિસરફેસીંગનું કામ થઇ શકયુ નથી. નગરના ઘ માર્ગનું નવિનીકરણ પણ અનિવાર્ય બન્યું છે.ચાર વર્ષના અંતે આ માર્ગને ચકાચક બનાવવાની અનિવાર્યતા ઉભી થઇ છે.હાલ સે ૨૪મા સી સી રોડ બનાવવાનુ કામ ચાલી રહયુંછે. આ ઉપરાંત સે ૨૬માં પણ કેટલાક વિસ્તારમાં સી સી રોડનુ કામ ચાલી રહયુ છે. શહેરમાં રસ્તાઓની બાકી કામગીરી માટે રૂપિયા ૧૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે. તાજેતરમાં જ શહેરી વિભાગ દ્વારા કોર્પોરેશનને રસ્તાની કામગીરી માટે આ રકમ ફાળવવામાં આવી છે. પરંતુ રસ્તાના કામોની જવાબદારી માર્ગ મકાન વિભાગ હસ્તક હોવાથી માર્ગ નવીનીકરણનુ કામ વિભાગકક્ષાએથી હાથ ધરવામાં આવશે. જેના અંતે આગામી દિવસોમાં મહાનગરપાલિકા વિસ્તારમાં રસ્તાના બાકી કામો હાથ ધરવામાં આવશે. સેકટરાના આંતરિક વિસ્તારમાં પણ ઉબડખાબડ માર્ગોની હાલતમાં સુધાર આવશે. શહેરી વિસ્તારમાં આમ પણ ટ્રાફિકની સમસ્યા વધતા માર્ગ સલામતીને ધ્યાને લઈ રસ્તાના જરુરી કામો હાથ ધરવા અનિવાર્ય બન્યા છે. દિનપ્રતિદિન વાહનોની સંખ્યા પણ વધતી જાય છે. કોર્મશિયલ વિસ્તારમાં પણ લાંબા સમયના અંતે માર્ગોને યોગ્ય કરવાનુ અનિવાર્ય બન્યુ છે.

ટાઉનહોલ આયોજકો અને કલાકારો માટે શિરદર્દ

સરકારી તંત્રની ઉદાસીનતાથી કલાપ્રેમીઓમાં આક્રોશ ટાઉનહોલના રીનોવેશનનો પ્રાજેક્ટ વર્ષોથી ધૂળ ખાય છે : વાત દરખાસ્તના તબક્કાથી આગળ વધતી નથી

ગાંધીનગર, તા૨૭

દાયકાઓના અંતે પણ ટાઉનહોલના રીનોવેશનનો પ્રાજેક્ટ માત્ર કાગળ પર જ રહયો છે.ટાઉનહોલની દુર્દશાના લીધે કાર્યક્રમના આયોજકો તેમજ કલાકારો માટે શિરદર્દ ઉભો થયો છે. હોલના એ સી,લાઈટીંગ,સ્ટેજ તેમજ બેઠક વ્યવસ્થા ખાડે ગઈ છે.જેના લીધે આયોજકોને હાલના ભાડાનો ખર્ચ પણ માથે પડે છે.તંત્રના અધિકારીઓએ પણ આ મામલે કાગળી કાર્યવાહી બાદ હાથ ઉંચા કરી દીધા છે. આવા સંજોગોમાં વ્યવસ્થાના અભાવ વચ્ચે આયોજકોએ મંઝવણમાં મુકાવવાનો વારો આવે છે.

સે ૧૭ સ્થિત ટાઉનહોલના રીનોવેશનનુ કામ છેલ્લા દોઢ વર્ષથી હાથ ધરી શકાયુ નથી. અલબત્ત રીનોવેશન માટે તંત્ર કક્ષાએથી રજુ કરાયેલી દરખાસ્ત પણ લાંબા સમયથી ધૂળ ખાય છે. છેલ્લા બે વર્ષથી ટાઉનહોલને નવારુપરંગ આપવાની વાતો થાય છે.તંત્ર દ્વારા આ મામલે યોગ્ય દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરી દીધી છે. ટાઉનહોલના રીનોવેશન પાછળ લાખો રૂપિયાનો ખર્ચ થાય તેમ છે. વિભાગકક્ષાએથી આ મામલે યોગ્ય અભ્યાસના અંતે રીનોવેશનના પ્રાજેક્ટની જરુરી દરખાસ્ત તૈયાર કરી સુપ્રત પણ કરી દેવાઈ છે.જયારે આ દરખાસ્ત સંદર્ભે જરુરી ડીઝાઈનને આખરી કરવા ટાઉન પ્લાનીંગ કક્ષાએ મામલો અટવાયો છે.ટાઉનહોલમાં વર્ષ દરમિયાન મોટાભાગના દિવસોમાં કાર્યક્રમનુ બુકીંગ હોય છે. નગરમાં ધમધમતી મોટાભાગની કલાસંસ્થાઓના કાર્યક્રમનુ આયોજન ટાઉનહોલમાં થતુ હોવાથી આયોજકોએ ટાઉનહોલ પર આધારિત રહેવુ પડે છે. પરંતુ છેલ્લા બે વર્ષથી હોલમાં પાયાની સુવિધા પણ ખાડે ગઈ છે.આકરી ગરમીના દિવસોમાં પણ ટાઉનહોલનુ એ સી કામ કરતુ નથી. સાંકડી બેઠક વ્યવ્સ્થા પણ સિનિયર સિટિઝન્સને અકળાવી દે છે.સ્ટેજ આનુસંગિક વ્યવસ્થા પણ

● અનુસંધાન પાન-૭ પર

સે-૨૪ ડબલડેકર વિસ્તારમાં દબાણોના લીધે રસ્તા બંધ રહેતા ભારે આક્રોશ

દાયકાઓના અંતે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ પરંતુ દબાણો ઠેરના ઠેર

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા ૨૭

શહેરના સે ૨૪ ડબલડેકર વિસ્તારમાં દબાણો વધતા રસ્તાઓ બંધ થઈ ગયા હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે.કેટલાક સ્થાનિક રહીશો દ્વારા દુકાનો તાંણી બાંધી ઓટલા અને પાર્કીંગ બનાવી દેવાયુ છે.

શહેરના સે ૨૪માં દબાણની સમસ્યા દિનપ્રતિદિન પેચીદી બનતી જાય છે.દાયકાઓના અંતે સેકટરમાં રસ્તા અને સ્ટ્રીટ લાઈટનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. આ કામગીરી દરમિયાન તંત્ર માટે પણ અનેક મુશ્કેલીઓ સર્જાઈ હોવાના દાખલા છે.સેકટરમાં દબાણોના લીધે અનેક પ્રશ્નો સર્જાયા છે.હાલ સેકટરમાં સી સી રોડનુ કામ ચાલી રહયુ છે. આ દરમિયાન પણ દબાણની સમસ્યાઓ શિરદર્દ સમાન બની હતી. સેકટરમાં દાયકાઓના અંતે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. પરંતુ દબાણની સમસ્યાનો હજુ અંત આવતો નથી. સેકટરના ડબલડેકર વિસ્તારમાં ૧૫ ફૂટની જગ્યામાં દુકાનોના ઓટલા, તેમજ પાર્કીંગ તાંણી બાંધવામાં આવ્યા છે. જેના પરિણામે રસ્તાઓ બંધ થઈ ગયા છે. આવા સંજોગોમાં સ્થાનિક રહીશોએ પારાવાર હાલાકી ભોગવવી પડે છે.સેકટરમાં પાયાની સુવિધાઓ સાથે વિકાસના નવા નવા કામો હાથ ધરવામાં આવી રહયા છે.ત્યારે સત્વરે દબાણો પણ દુર કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

રમત-ગમતથી શિસ્ત, સંયમ અને એકતાના ગુણો વિકાસ પામે છે : જાડેજા

ગાંધીનગર, તા. ૨૭

રમત-ગમતથી વ્યક્તીના જીવનમાં શિસ્ત સંયમ અને એકતાના ગુણો ખીલે છે તેમ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરીટી ખાતે સમર કોચીંગ કેમ્પનો પ્રારંભ કરાવતાં કહ્યું હતું.

ગાંધીનગરમાં સાંઈના મેદાન પર હોકી, ફૂટબોલ અને હેન્ડબોલની રમતના સમર કોચીંગ કેમ્પનો પ્રારંભ કરાવતાં જીવનમાં રમત-ગમતનું સ્થાન જીવન ઘડતરમાં કેટલું મહત્વું છે તેની રમતવીરોને જાણકારી આપી હતી.

તેમણે ખેલ મહાકુંભનું આયોજન અને રમતગમત ક્ષેત્રે ગુજરાતે મેળવેલ સિદ્ધિઓની જાણકારી આપી સ્વસ્થ ગુજરાતની રચનાની દિશામાં સરકારની સક્રિયતા વિશે વાતો કરી હતી.

આ પ્રસંગે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી રમતવીરોને પ્રોત્સાહિત કર્યા હતા.

કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે વ્યુહરચના ઘડવામાં વ્યસ્ત

ગાંધીનગર, તા. ૨૭

અમદાવાદ ખાતે પ્રદેશ કોંગ્રેસ આગેવાનોની આજે મળેલી બેઠકમાં આગામી દિવસોમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીના ભાગરૂપે ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીની અધ્યક્ષતામાં એ.આઈ.સી.સી.ના ગુજરાતના ડેલીગેટ્સો અને પ્રદેશ આગેવાનોની એક મહત્વની બેઠક મળી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં આગામી દિવસોમાં મહાપાલિકાઓ નગરપાલિકાઓ જિલ્લા તાલુકા પંચાયતોની યોજાનારી સામાન્ય ચૂંટણીઓની તૈયારી માટે ચર્ચા વિચારણા કરીને ચૂંટણી વ્યુહરચના ઘડી કાઢવા ઉપરાંત ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત કોંગ્રેસ સંગઠન માળખાને પણ મજબૂત બનાવવા અંગે ચર્ચા વિચારણા કરીને સંગઠનાત્મક કાર્યક્રમો પણ ઘડી કાઢવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ તરીકે ભરતસિંહ સોલંકીની વરણી કરવામાં આવ્યા બાદ તેમના નેતૃત્વમાં આ વખતે સૌ પ્રથમ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ કોંગ્રેસ લડશે. આથી ભરતસિંહ સોલંકી માટે આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અગ્નિ પરીક્ષા સમાન સાબીત થશે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૯૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
મમી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK500
TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com